## આજે ભાજપ યુવા મોરચા દ્વારા પરિવર્તન સંકલ્પ ભાજપા વિકલ્પ કાર્યક્રમ

અમદાવાદ, તા. ૬

યુવા મોરચાના પ્રદેશ મહામંત્રી શ્રી હર્ષદભાઈ સંઘવીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, જમ્મુ-કાશ્મીરના અલગતાવાદીઓની ધમકીઓ સામે લાલચોકમાં રાષ્ટ્રધ્વજ ફરકાવનાર, રાષ્ટ્રભક્ત યુવાન, ભારતીય જનતા યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ શ્રી પ્રદીપસિંહ વાઘેલાના પુનઃ નિયુક્ત થતા, 'પરિવર્તન સંકલ્પ ભાજપા વિકલ્પ'નો કાર્યક્રમ તા. ૭-૫-૨૦૧૩ને મંગળવારના રોજ સાંજે ૪.૩૦ કલાકે પ્રદેશ ભાજપા કાર્યાલય ખાતે રાખેલ છે.

ભારતીય જનતા યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ શ્રી પ્રદીપસિંહ વાઘેલા આવતીકાલે ધંધુકાથી રેલી સ્વરૂપે પ્રદેશ કાર્યાલયે પહોંચશે. આ કાર્યક્રમને લઈને સમગ્ર ગુજરાતના યુવાનોમાં એક અનેરો ઉત્સાહ છે. ગુજરાતના દરેક જિલ્લા/મહાનગરોના કાર્યકર્તાઓ ખુબ મોટી સંખ્યામાં આવશે. આ સમારોહ પાર્ટીના અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુ સાહેબ, પ્રદેશ મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણીયા, પ્રદેશ મહામંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી, મહાનગરના અધ્યક્ષ અને પ્રદેશ આગેવાનો ઉપસ્થિત રહી યુવા મોરચાને માર્ગદર્શન આપશે.



અમદાવાદ ભાજપ કાર્યાલય ખાતે નવા પદાધિકારીઓની પ્રથમ બેઠક યોજાઈ હતી.



અમદાવાદ સ્થિત મેટ્રો કોર્ટમાં બોમ્બની અફવા બાદ ઉંડી તપાસ હાથ ધરાઈ હતી.

## ધોળકામાં રૂા. ૫૮ કરોડની ભૂગર્ભ ગટર યોજનાનું ખાતમુહુર્ત

અમદાવાદ, તા. ૬

મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે રૂા. ૫૮ કરોડના ખર્ચે નિર્માણ થનાર ધોળકા શહેરની ભૂગર્ભ ગટર યોજનાનું ખાતમુહુર્ત તથા વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

મહેસુલ મંત્રીએ જણાવ્યું હતું કે, આ યોજનાથી ધોળકા શહેરના અંદાજે એક લાખ નાગરિકોને સ્વસ્થ આરોગ્ય મળવાની સાથોસાથ ખેડૂતોને પણ ઓર્ગેનિક ખાતર તથા પાણી પ્રાપ્ત થશે અને પાકની ઉપજમાં પણ વધારો થશે. જે ખેડૂતોના જીવનમાં નવો ઉજાસ લાવશે. મંત્રીએ આ પ્રસંગે ધોળકાનાં લોકોને અને ખાસ કરીને મહિલાઓ યુવા દિકરીઓ, સગર્ભા મહિલાઓને રાજય સરકારની સહાય લઈ શૌચાલયની સુવિધા પ્રાપ્ત કરવા ખાસ અનુરોધ કર્યો હતો.

શ્રીમંતી આનંદીબેન પટેલે યુવતીઓને તાલીમનું મહત્ત્વ સમજાવતાં વધુમાં જણાવ્યું હતું કે, 'ઉમીદ' કાર્યક્રમોની તાલીમ લઈ તથા કૌશલ્યવર્ધન કેન્દ્રોમાં ઉપયોગ કરી યુવક - યુવતીઓને શહેરના ઉદ્યોગ - ધંધા-રોજગારમાં પદાર્પણ કરવું જોઈએ જેનાથી બેરોજગારીની સમસ્યાનું મહદ્ અંશે નિરાકરણ આવશે.

મહેસૂલ મંત્રીનો આંગણવાડીઓની જરૂરિયાત પર ખાસ ભાર મુકી જણાવ્યું હતું કે, બાળકો જે આવતીકાલના નાગરિકો છે. તેમને સંસ્કાર સહ ભોજન મળે તેવી સરકારની આ યોજનાથી એક તંદુરસ્ત નાગરિકનું નિર્માણ થાય છે જે રાષ્ટ્રના સર્વાંગી વિકાસમાં ખૂબ જ જરૂરી છે.

મંત્રીશ્રીએ ઈમ્પેકટ ફી કાયદાનો લાભ લઈ પોતાનું બાંધકામ નિયમિત કરી શહેરના નાગરિકોને નગરપાલિકાના વિકાસમાં ભાગીદાર બનવા અનુરોધ કર્યો હતો.

શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાએ રાજય સરકારની જુદી જુદી શહેર વિકાસની યોજનાઓની માહિતી આપી. ધોળકા નગરપાલિકાના વિકાસકામોની વિસ્તૃત જાણકારી આપી હતી. વિકાસના એક પણ કામ બાકી ન રહે તેવો સંકલ્પ દોહરાવતા મંત્રીશ્રીએ નાગરિકોને વિકાસના કામોમાં રાજય સરકારને સહકાર આપવા અનુરોધ કર્યો હતો.

પ્રારંભમાં નગરપાલિકાના પ્રમુખ રાજુભાઈ દેસાઈએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ચીફ ઓફીસર અશોકભાઈ પંડ્યાએ આભારવિધિ કરી હતી.

આ પ્રસંગે ધારાસભ્ય સર્વ બાબુભાઈ પટેલ, લાલજીભાઈ મેર, અમદાવાદ જિલ્લા પંચાયતના પ્રમુખ સુરેશભાઈ પટેલ, અગ્રણી, કમાભાઈ રાઠોડ સહિત મહાનુભાવો, પદાધિકારીઓ, અધિકારીઓ તથા નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## દિલ્હીના ભ્રષ્ટ કોંગ્રેસ શાસનને હટાવવા સમયદાન કરવા ભાજપા કાર્યકરોને આહ્‌વાન

અમદાવાદ, તા. ૬

ભાજપાના નવ નિયુક્ત પ્રદેશ હોદ્દેદારોની આજરોજ ભાજપા કાર્યાલય ખાનપુર ખાતે પ્રદેશ પ્રમુખ શ્રી આર.સી. બળદુની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં ભાજપાના રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી શ્રી વી.સતીષજી ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું.

પ્રદેશ હોદ્દેદારોની બેઠકમાં ચર્ચવામાં આવેલા મુદ્દાઓની માહિતી આપતાં પ્રદેશ ઉપાધ્યક્ષ તેમજ પ્રદેશ પ્રવક્તા શ્રી આઈ.કે. જાડેજાએ જણાવ્યું હતું કે, કેન્દ્રમાં કોંગ્રેસના નેતૃત્વમાં કાર્યરત યુ.પી.એ.ની ભ્રષ્ટ સરકાર સામે ભારતીય જનતા પાર્ટી આગામી દિવસોમાં તબક્કાવાર ઠેરઠેર વિરોધ પ્રદર્શન કરશે અને 'કોંગ્રેસ હટાવો', દેશ બચાવો'ની માંગને બુલંદ બનાવશે.

ભાજપાના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કાર્યરત ગુજરાત સરકારના વિકાસ કાર્યો ગુજરાતમાં યોજાનારી બે લોકસભાની અને ચાર વિધાનસભાની પેટા ચૂંટણીમાં જન જન સુધી પહોંચાડવાનું કાર્ય કાર્યકરોના માધ્યમથી હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત અખાત્રીજથી ગુજરાતમાં પ્રારંભ થનાર કૃષિ મહોત્સવમાં કાર્યકરો પૂરક બની જોડાશે. તેમજ સંગઠન સંરચનાનું કામ પણ ઝડપથી પૂર્ણ કરવાનું વિગતવાર આયોજન કરાયું ચે.

પ્રદેશ હોદ્દેદારોની બેઠકને સંબોધતા પ્રદેશ શ્રી આર.સી. ફળદુએ જણાવ્યું હતું કે, દેશ જ્યારે કોંગ્રેસના કુશાસનથી ત્રાહિમામ પોકારી રહ્યો છે. ત્યારે ગુજરાતમાં યોજાનારી લોકસભા વિધાનસભાની ૨ જૂનના રોજ યોજાનારી પેટા ચૂંટણીમાં કાર્યકરો વિજયના વિશ્વાસ સાથે મેદાનમાં ઉતરે અને દિલ્હીમાં ભાજપાનું શાસન સ્થાપવા ગુજરાતથી પરિવર્તનનો પવન ફૂંકે તેવી અપીલ કરી હતી.

ભાજપાના સહ સંગઠન મહામંત્રી શ્રી વી. સતીષજીએ પ્રદેશ હોદ્દેદારોને સંબોધતા જણાવ્યું હતું કે, દેશ બાહ્ય-આંતરિક સંકટોમાં ઘેરાયેલો છે, ભ્રષ્ટાચારે માઝા મુકી છે, વિદેશનીતિ નિષ્ફળ પુરવાર થઈ છે ત્યારે ભારતમાતાની રક્ષા માટે કાર્યકરો સમયદાન માટે તૈયાર થાય અને ગુજરાતે દેશને જ્યારે જ્યારે જરૂર પડી છે ત્યારે માર્ગદર્શન આપ્યું છે. તે જ પરંપરાને દેશમાં જ્યારે આવશ્યકતા છે ત્યારે ગુજરાતના કાર્યકરો પરિશ્રમની પરાકાષ્ઠા કરે તે તેમ જણાવ્યું હતું.

આજની બેઠકમાં પ્રદેશ મહામંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, શ્રી ભરતસિંહ પરમાર, શ્રી શંકરભાઈ ચૌધરી, ઉપપ્રમુખો શ્રી કૌશિકભાઈ પટેલ, શ્રી કાનાજી ઠાકોર, શ્રી શંભુનાથજી ટુંડીયા સહિત અપેક્ષિત હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

## ગીરના સિંહોના મામલે ૧૦મીએ સુપ્રીમ રિવ્યુપિટીશન કરાશે

### ગુજરાત સરકાર દ્વારા પ્રયત્નો શરૂ : અધિકારીઓની ટીમ દિલ્હી જવા રવાના થઈ ગઈ

ગાંધીનગર, તા. ૬

ગીરના સિંહોને મધ્યપ્રદેશ ખસેડવાના સુપ્રિમ કોર્ટના ચુકાદા સામે રાજ્ય સરકાર તા. ૧૦મી મેના રોજ સુપ્રિમ કોર્ટમાં રિવ્યુ પીટીશન કરે તેવી શક્યતા છે. આ અંગે ગુજરાતના અધિકારીઓની ટીમ દિલ્હી પહોંચી ગઈ હોવાનું જાણવા મળે છે.

ગુજરાતના ગૌરવસમા ગીરના સિંહોને મધ્યપ્રદેશ ખસેડવા માટે તાજેતરમાં જ સુપ્રિમ કોર્ટે ચુકાદો આપ્યો હતો. જેના ઘેરા પ્રત્યાઘાત સમગ્ર ગુજરાતમાં પડ્યા હતા. ગીર અને તેની આજુબાજુના વિસ્તારમાં જાગૃત નાગરિકો અને વિવિધ સંગઠનોએ આંદોલન પણ શરૂ કર્યું હતું.

તો બીજીબાજુ ગુજરાત



સરકારે પણ ગીરના સિંહોને મધ્યપ્રદેશ ખસેડવા સામે વિરોધ દર્શાવ્યો હતો અને સુપ્રિમ કોર્ટના આ ચુકાદા સામે રિવ્યુપીટીશન દાખલ કરવાની જાહેરાત કરી હતી.

ગીરના સિંહોને મધ્યપ્રદેશ ખસેડવાના સુપ્રિમ કોર્ટના ચુકાદા સામે રિવ્યુપીટીશન દાખલ કરવા અને ગીરના સિંહોને અન્યત્ર ખસેડવામાં ન આવે તે માટે ગુજરાત સરકારે વિવિધ કાયદાશાસ્ત્રીઓ સાથે ચર્ચા કરી હતી. આ ઉપરાંત હાલમાં ગુજરાત સરકારના કેટલાક અધિકારીઓ પણ આ રિવ્યુ પીટીશનના મામલે સુપ્રિમ કોર્ટના કેટલાક ચુનંદા વકીલો સાથે ચર્ચા કરવા દિલ્હી પહોંચી ગયા હોવાનું જાણવા મળે છે. ગીરના સિંહોને મધ્યપ્રદેશ ખસેડવાના સુપ્રિમ કોર્ટના ચુકાદાની સામે તા. ૧૦મી મેના રોજ ગુજરાત સરકાર રિવ્યુ પીટીશન દાખલ કરે તેવી શક્યતા છે.

## પેટાચૂંટણીના ઉમેદવારો માટે પ્રદેશ કોંગ્રેસની આજે બેઠક

ગાંધીનગર, તા. ૬

ગુજરાતની પેટા ચૂંટણીઓ માટે સંભવીત ઉમેદવારોની પસંદગી માટે આવતીકાલે કોંગ્રેસના પ્રદેશ નેતાઓની એક બેઠક મળનાર છે. જેમાં ઉમેદવારોની પેનલયાદી તૈયાર કરી દેવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ગુજરાતની પોરબંદર અને બનાસકાંઠા લોકસભા બેઠક તેમજ લીંબડી, ધોરાજી, જેતપુર, મોરવાહડફ એમ ચાર વિધાનસભા બેઠકો ખાલી પડતા આ બેઠકોની પેટા ચૂંટણીઓ ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવી છે.

પેટા ચૂંટણીઓ જાહેર થતાં સંભવીત ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા રાજકીય પક્ષો દ્વારા શરૂ કરવામાં આવી છે. આવતીકાલે પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અર્જુન મોઢવાડીયાની અધ્યક્ષતામાં પ્રદેશ આગેવાનોની બેઠક મળનારી છે. આ બેઠકમાં બે લોકસભા અને ચાર વિધાનસભા બેઠકો માટેના સંભવિત ઉમેદવારોના નામોની ચર્ચા કરવામાં આવશે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આવતીકાલની બેઠકમાં પ્રદેશ નેતાગીરી દ્વારા બે લોકસભા બેઠક અને ચાર વિધાનસભા બેઠકો માટે જીતી શકે તેવા સંભવિત નામો પર ચર્ચા વિચારણા કરીને બે નામોની પેનલ યાદી તૈયાર કરવામાં આવશે અને ત્યારબાદ આ સંભવીત ઉમેદવારોની પેનલ યાદી મોવડીમંડળને મંજુર અર્થે મોકલી આપવામાં આવશે.

પોરબંદર લોકસભા બેઠકના સાંસદ વિઠ્ઠલ રાદડીયાએ સાંસદ પદેથી રાજીનામું આપ્યા બાદ કોંગ્રેસ સાથે છેડો ફાડીને ભાજપમાં જોડાઈ જતાં આ બેઠક માટે કોંગ્રેસ પાસે કોઈ સક્ષમ ઉમેદવાર ન હોઈ આ બેઠક પર સ્થાનિક અને પટેલ સમાજમાંથી કોઈ ઉમેદવારના નામ પર પસંદગીનો કળશ ઢોળવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

બીજી તરફ બનાસકાંઠા બેઠક પર સ્વર્ગસ્થ સાંસદ મુકેશ ગઢવીના પરીવારમાંથી કોઈને કોંગ્રેસ ટીકીટ આપે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. જ્યારે વિધાનસભાની ધોરાજી, જેતપુર, લીંબડી બેઠક માટે ઉમેદવારોની પસંદગી મામલે સ્થાનિક આગેવાનો સાંસદો સાથે પરામર્શ કરીને સંભવીત ઉમેદવારોના નામો પસંદ કરીને પેનલ યાદી બનાવવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પેટાચૂંટણીઓમાં તમામ બેઠકો જાળવી રાખવા માટે કોંગ્રેસ દ્વારા આ વખતે એડીચોટીનું જોર લગાવવામાં આવશે જો કે લોકસભાની બે બેઠકો પર આ વખતે કોંગ્રેસ માટે કપરા


## બોગસ નોટના કેસમાં ક્રાઈમ બ્રાંચની ગુપ્તરીતે ઉંડી તપાસ

### ૫ લાખની નકલી નોટ સાથે બે શખ્સોની ધરપકડ કરવામાં આવ્યા બાદ મોટુ નેટવર્ક સક્રિય હોવાની પ્રબળ સંભાવના : પાકિસ્તાનનું કારસ્તાન હોવાની શંકા

અમદાવાદ, તા.૬

પાંચ લાખની બોગસ નોટ સાથે બે શખ્સોની ધરપકડ કરવામાં આવ્યા બાદ ક્રાઈમ બ્રાંચે ગુપ્તરીતે ઉંડી તપાસ હાથ ધરી છે. આની પાછળ અન્ય શખ્સો પણ સામેલ હોવાની પણ પ્રબળ શંકા દેખાઈ રહી છે જેના કારણે ઝડપાયેલા શખ્સોની પુછપરછના આધારે તપાસ ચાલી રહી છે. નકલી નોટના મામલામાં હંમેશા પાકિસ્તાનના શખ્સો સક્રિય રહ્યા છે. અર્થવ્યવસ્થાને અસ્થિર કરવાના પ્રયાસો સતત થતા રહ્યા છે. હિમાલયા મોલ નજીકથી બે શખ્સોને બનાવટી નોટ સાથે પકડી પાડવામાં આવ્યા બાદ હવે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. નકલી નોટો અંગે ક્રાઈમ બ્રાન્ચ પાસેથી મળેલી માહિતી પ્રમાણે આ નોટો પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં છાપવામાં આવી છે. બાંગ્લાદેશથી પશ્ચિમ બંગાળમાં માલડાના રસ્તે ભારતમાં ઘુસાડવામાં આવી છે. માલડા વિસ્તાર બેસ્ટ બેંગોલમાં આવેલો છે. અને આ વિસ્તાર નકલી નોટોની હેરાફેરી માટે કુખ્યાત છે. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા બે શખ્સોને હિમાલયા મોલ પાસેથી ઝડપી પાડ્યા હતા. અને એમાનો એક શખ્સ પંજાબનો છે જેનું નામ રાજબીરસિંહ ઝટ (ઉ.વ. ૩૫) જ્યારે બીજો આરોપી ઝારખંડનો છે જેનું નામ જયપ્રકાશ જેકી છે. (ઉ.વ.૨૬)આ બંને શખ્સોને પાંચ લાખની નકલી ચલણી નોટ સાથે બે શખ્સોની ધરપકડ કરી છે. જેમાં એક હજાર રૂપિયાની ૪૦૧ નોટ અને ૫૦૦ રૂપિયાની ૧૯૯ નોટ છે. આ ઘટના પરથી એવી આશંકા છે કે આ કારસ્તાન પાકિસ્તાનનું છે, અને બધી નોટો પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં છપાઈ હોવાની શંકા છે. આ ષડયંત્રમાં એક લાખની અસલી નોટો સામે અપાય છે. રૂા. ૫ લાખની નકલી નોટો આરોપી રાજબીર અને જયપ્રકાશ પાસેથી ક્રાઈમ બ્રાન્ચને બે સુત્રધારોની પણ માહિતી મળી છે. આ સુત્રધારોમાં એક રફિક મોહમ્મદ દાણીલીમડાનો છે અને બીજો ઉત્તમ જારિયા ઝારખંડનો છે. આ ષડયંત્રમાં મોટું કૌભાંડ બહાર પડે તેવી શક્યતા છે.

## શબ્દાવલી - ૫૦૫૭



### આડી ચાવી

- ૧. દુરંદેશી (૪)
- ૨. લાકડા કાપવાનું સાધન (૩)
- ૪. સાચુ બોલ નહિ તો ... પડશે (૨)
- ૫. દિલ દગડાઈ કરવી, ... કરવી (૩)
- ૭. યશ, ને માથે... જુતાયા (૨)
- ૯. નેતાઓની એક છાપ કે ... મળે એટલે ભાષણ શરૂ (૩)
- ૧૧. પાર્વતીજીનું એક નામ (૫)
- ૧૪. પુરાણું, જૂનું (૪)
- ૧૫. પવન, અનિલ (૨)
- ૧૮. માંદગી (૪)

### ઊભી ચાવી

- ૧. દરિયામાં રસ્તો કે દિશા બતાવતો દીવો (૪)
- ૨. કુમળાશ, કુણું હોવું (૩)
- ૩. સ્વાગત કરવા ગળામાં ફુલનો ... પહેરાવાય છે (૨)
- ૬. બિલ્ડીંગ (૪)
- ૭. 'કનીજ' શબ્દ આડોઅવળો (૩)
- ૮. પરવા, ફિકર (૨)
- ૧૦. આમંત્રણ (૩)
- ૧૧. જીદ પુરી કરવા ધાંધીયા કે ... કરવા (૩)
- ૧૩. ગંદકી (૪)
- ૧૪. અતિશય, વધુ (૩)
- ૧૬. ગડ-ગુમડ... લગાવાય (૩)
- ૧૭. એને તો વાતની... પણ નહિ આવવા દેવાની (૨)

### શબ્દાવલી ૫૦૫૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) નાકામીયાબ (૫) પાલો (૭) દાળ (૮) ત્રિલોક (૧૧) યામીની (૧૩) કમર (૧૫) જસન (૧૭) ઉપરાણુ (૧૮) રળી (૧૯) પરા (૨૦) અણીયું (૨૨) માસ (૨૩) સહકાર (૨૪) રવેશ

**ઊભી ચાવી :-** (૧) નાદાન (૨) કાળ (૩) યાત્રી (૪) બલોયા (૬) લોથ (૯) કમીજ (૧૦) તમરા (૧૨) નીસરણી (૧૩) કપરા (૧૪) રણુજા (૧૬) નળીયું (૧૭) ઉપન્યાસ (૨૦) અસર (૨૧) તાકા

## સીએન વિદ્યાલયમાં ફી વધારો પાછો ખેચી લેવાતા વાલી ખુશ

અમદાવાદ, તા.૬

અમદાવાદની પ્રતિષ્ઠિત અને સૌથી જુની શાળાઓ પૈકીની એક એવી સી.એન. વિદ્યાલયમાં ફી વધારાનાં મુદ્દે સર્જાયેલ વિવાદ સમી ગયો છે. શાળાએ ફી વધારો પાછો ખેચવાનો નિર્ણય કરતા વાલીઓમાં ખુશીની લાગણી પ્રસરી ગઈ છે. અને હવે વાલીઓ નિયત સમયમાં આગામી શૈક્ષણિક સત્રની ફી ભરવા માટે તૈયાર થઈ ગયા છે. અમદાવાદની પ્રતિષ્ઠિત એવી સી.એન. વિદ્યાલયમાં ધોરણ-૧થી ૮માં છેલ્લા પાંચ વર્ષથી દર વર્ષમાં ફીમાં ઉત્તરો ઉત્તર વધારો કરાતા વિવાદ સર્જાયો હતો એટલું જ નહીં અંગ્રેજી કેન્દ્ર, ઉદ્યોગ ફી, સ્પોર્ટસ એકેડમી અને એકસ્ટ્રા એક્ટિવીટી જેવી ફી આ વર્ષથી ફરજીયાત ઉઘરાવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જેના કારણે શાળાના પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓમાં રોષ વ્યાપી ગયો હતો. જેનાં વિરોધમાં છેલ્લા પાંચ દિવસથી વાલીઓમાં રોજ સવારે સી.એન. વિદ્યાલનાં કેમ્પસમાં એકઠા થઈને વિરોધ દર્શાવતા હતા. અને જ્યાં સુધી સંપૂર્ણ પણે ફી વધારો પાછો ન ખેચાય ત્યાં સુધી આગામી સત્રની ફી ન ભરવાનો નિર્ણય કર્યો હતો. આખરે પાંચ-પાંચ દિવસની વાલીઓની લડાઈ બાદ શાળાના સંચાલકોએ નમતુ જોયું છે. અને આ વર્ષે ધોરણ-૧થી ૮ની ફી માં કરવામાં આવેલો વધારો પાછો ખેચવાનો નિર્ણય કર્યો છે. એટલું નહીં અંગ્રેજી કેન્દ્ર, ઉદ્યોગ ફ, સ્પોટર્સ એકેડેમી અને એકસ્ટ્રા એક્ટિવીટ જેવી ફીઓ પણ ન ઉઘરાવવાની બાહેધારી આપતા વાલીઓમાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે.

### પ્રવેશપ્રથા બદલાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમની હાજરી નિયમિત થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા સચિવાલયના તમામ વિભાગોના બ્લોકના પ્રવેશ દ્વારો પર એકસ્પ્રોરાના મશીનો લગાવવામાં આવ્યા છે.

અધિકારીઓ કર્મચારીઓએ કચેરીમાં આવતા સમયે અને ઘરે જતાં સમયે આ મશીન પર પોતાનું કાર્ડ સ્વીપ કરવાનું હોય છે. જેથી કર્મચારીઓમાં કેટલા વાગે આવ્યા અને કેટલા વાગે કચેરી છોડી તે અંગેના ડેટા આ મશીનમાં ફીડ થતાં હતા.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કર્મચારીઓની હાજરીની નિયમિતતા અંગે તાજેતરમાં રાજ્ય સરકારમાં ઉચ્ચકક્ષાએ એક સમીક્ષા કરવામાં આવી હતી. આ સમીક્ષા દરમ્યાન સરકારના ધ્યાન પર એવું આવ્યું હતું કે કેટલાક કર્મચારીઓ કચેરીઓ મોડા આવવાના હોઈ કે વહેલા જતાં રહ્યા હોઈ તો તેમના કાર્ડ અન્ય કર્મચારી સ્વીપ કરતા હતા.

આ બાબતની રાજ્ય સરકારે ગંભીર નોંધ લઈને કર્મચારીઓની હાજરી નિયમિત કરવા માટે પ્રવેશ પદ્ધતિને વધુ કડક બનાવી છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ હાલમાં પ્રાયોગીક ધોરણે બ્લોક નં. ૭માં સામાન્ય વહીવટ વિભાગમાં આ નવી પદ્ધતિ અમલી બનાવવામાં આવી છે. આ બ્લોકના પ્રવેશ દ્વાર પર લગાવવામાં આવેલ એક્સપોરા મશીન પર કર્મચારી પોતાનું કાર્ડ સ્વીપ કરે ત્યારબાદ તેની નજીક લગાવવામાં આવેલ કેમેરા સામે ભા રહે એટલે ખરાઈ થઈ જાય કે જે કાર્ડ સ્વીપ કરવામાં આવ્યું છે તે અન્ય કોઈ કર્મચારીનું નથી ને?

પ્રાયોગીક ધોરણે સામાન્ય વહીવટ વિભાગમાં અમલી બનાવવામાં આવેલ આ પદ્ધતિને સફળતા મળ્યા બાદ સચિવાલયના તમામ વિભાગોના બ્લોકમાં પણ આ નવી પ્રવેશ પદ્ધતિ અમલી બનાવવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સલામતી વ્યવસ્થાને ધ્યાને રાખીને સચિવાલય સંકુલના મુખ્ય પ્રવેશદ્વારો પર પણ વાહનોના પ્રવેશ માટે નવી સિસ્ટમ દાખલ કરવામાં આવનાર છે.

### રાજકીય દોરી સંચાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતું. તેમાં પણ મધ્યપ્રદેશ સરકારના પૂર્નસ્થાપનનો તો કોઈ જ પ્રૅં જ નહોતો, કારણ કે આ કામ તો આર એન્ડ આર ગ્રુપે, જાન્યુઆરી-૨૦૧૦ની બેઠકમાં જ માન્ય કરી દીધું હતું. મહારાષ્ટ્ર સરકારે પણ તેના ૮મી જાન્યુઆરી-૨૦૧૩ના પત્રથી નજીવા વાંધાઓની બધી જ પૂર્તતા કરી દીધી હતી અને ત્યારબાદ જ, તા. ૨૩મી જાન્યુઆરી ૨૦૧૩ના રોજ દિલ્હીમાં આર એન્ડ આર સબગ્રુપ અને નર્મદા નિયંત્રણ પ્રાધિકરણ (ફઘ્ખ)ની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં સંબંધકર્તા ત્રણેય રાજ્યોમાં વિસ્થાપિતોના પૂનવર્સનની કામગીરી સંપૂર્ણ પૂરી થઈ હોઈ, સરદાર સરોવર ડેમના દરવાજા મૂકવાની મંજૂરી આપવામાં, કોઈ કરતાં કોઈ અવરોધને અવકાશ જ નહોતો તેમ છતાં, ફરી એકવાર કેન્દ્ર સરકારના દોરી સંચાર હેઠળ તા.૨૩મી જાન્યુઆરી-૨૦૧૩ની બેઠક, આર એન્ડ આર ગ્રુપના અધ્યક્ષની બિમારીના કારણે છેલ્લી ઘડીએ મોકૂફ કરી દેવામાં આવી અને ડેમના દરવાજા મૂકવાની મંજૂરી ફરી એકવાર ટલ્લે ચડાવી દેવાઈ!

તેમણે જણાવ્યું કે, નર્મદા ડેમના દરવાજા મૂકવાની મંજૂરી આપવાનું કામ કોના વાંકે અને કોના પાપે અટકયું છે તે શ્રી શકિતસિંહ ગોહિલ અને ગુજરાત કોંગ્રેસના નેતાઓ જાણતા ન હોય તે હકિકત માન્યામાં આવે તેમ નથી જ. પરંતુ, નર્મદા યોજના જલ્દીથી પૂરી કરવાનો યશ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને મળી જાય તેવા, કાલ્પનિક ભયથી સતત થથરી રહેલા, કોંગ્રેસના નેતાઓ, ડેમના દરવાજા મૂકવાની કેન્દ્રની સરકારની મંજૂરી અટકાવવા યેનકેન પ્રકારે કેવા કેવા તરકટો અને જૂઠાણા ઉભાં કરી રહયા છે તે જનતાને જાણવાનો પૂરો અધિકાર છે.

### આવેદનપત્ર આપ્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવેલ. ત્યારબાદ કલેક્ટરશ્રીને મુકેશ પટેલ પ્રમુખશ્રી, નીશીત વ્યાસ મહામંત્રીશ્રી, કે.પી. સોલંકી, મહામંત્રી વિજય સોલંકી સંગઠન મંત્રી, બાબુજી ઠાકોર, રજનીભાઈ પટેલ, પિન્કીબેન પટેલ, મીનાબેન વાઘેલા, પ્રેમબા હાડા મહીલા પ્રમુખશ્રીની હાજરીમાં આવેદનપત્ર આપવામાં આવેલ.

### લાંચના છટકામાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાબતની જાણ કરી દીધી હતી. જેના પગલે એસીબીના પોલીસ ઈન્સ્પેક્ટર કે.પી. કામરીયા તેમજ આર.એમ. શર્માએ છટકુ ગોઠવ્યું હતું. આ દરમિયાન આજે કલોલ સ્થિત શિવહાઉસ પાસે ગીતાબેન અને બેલીફ વચ્ચે મુલાકાત થઈ હતી. જ્યાંથી તેઓ તેમની જમીન પાસે પહોંચ્યા હતા. આ વેળાએ બેલીફે જરૂરી પંચનામુ કર્યું હતું. ત્યારબાદ હૂકમની બજવણી કરી હતી. આ તબક્કે કલોલ સ્થિત શિંદબાજ હોટલમાં ગીતાબેને રૂ. ૧૫ હજાર બેલીફને આપ્યા હતા. આ સમયે એ.સી.બી.એ ગોઠવેલા છટકા મુજબ કોર્ટ બેલીફને લાંચ લેતા રંગેહાથ ઝડપી લીધા હતા. આ કેસ સંદર્ભે ગાંધીનગર એ.સી.બી.એ વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧